જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૦૫/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૩૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૩ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૩૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૭૩૮/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** ભરતભાઇ મગનભાઇ પટેલ (ઉ.વ.૩૭)(રહે.ગામ.જોધપર નદી તા.જી.મોરબી) એ તા.૦૫/૦૫/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને-૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સોલા બ્રીજ પાસે આવેલ એચ.સી.જી. હોસ્પીટલ ખાતે ભરત પટેલને આરોપી કિરણ પટેલે પોતે કલાસ-૧ ઓફીસર હોવાની ખોટી ઓળખ આપી, આરોપી (૧) કિરણભાઇ જગદીશભાઇ પટેલ તથા (૨) ડો.માલીની કિરણ પટેલ (બંને રહે. પ્રેસ્ટીજ બંગ્લોઝ ઘોડાસર) એ ભેગામળી ભરતભાઇની “બીજોટીક લાઇફ સાયન્સ પ્રા.લી.” નામની ભાગીદારી કંપનીનુ જી.પી.સી.બી. બોર્ડનું લાયસન્સ કઢાવી આપવા સારૂ ફી અને પ્રોસેસીંગ પેટે કુલ રૂપિયા ૪૨,૮૬,૦૦૦/- ભરતભાઇ પાસેથી મેળવી લઇ, લાયસન્સનુ કામ નહી કરી આપી, તે પેટે ફક્ત રૂપિયા ૧૧,૭૫,૦૦૦/- પરત આપી બાકીના કુલ રૂપિયા ૩૧,૧૧,૦૦૦/- આજદિન સુધી પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**ક્રાઇમબ્રાંચઃ** જીતેન્દ્રભાઇ રસિકલાલ શાહ (ઉ.વ.૬૫)(રહે.ઉપવન ફ્લેટ, પ્રકુતિ ટાવરની બાજુમાં, જૈનનગર, પાલડી) એ તા.૦૫/૦૫/૨૦૨૩ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ન્યુ કલોથ માર્કેટ, રાયપુર, ખાતે આવેલ “નયના કોર્પોરેશન ફર્મ” નામની જીતેન્દ્રભાઇની ઓફીસમાં આરોપી (૧) ચાણક્ય ઇન્ટરનેશનલ ફર્મના પ્રોપરાઈટર દિનેશ જેઠાલાલ પટેલ (૨) તેમની ફર્મમાં નોકરી/વહીવટ કરતા પિંકેશ સુરેશભાઇ પટેલ અને (૩) પ્રવિણ જેઠાલાલ પટેલ (તમામ રહે.કોરલ હાઈટસ ભીમરાડ કેનાલ રોડ સુરત તથા મુળ વતન ગામ- દાસજ, તા-ઉંઝા જી-મહેસાણા) નાઓએ ભેગામળી જીતેન્દ્રભાઇ પાસેથી ગ્રે-કાપડનો માલ મેળવી તે પેટે ચુકવવાના બાકી રહેતા કુલ રૂપિયા ૧,૬૯,૭૨,૬૦૮/- આજદિન સુધી નહી ચુકવી જીતેન્દ્રભાઇ શાહ સાથે છેતરપીંડી અને વિશ્ર્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એમ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૩૯/૨૦૨૩**

**સાબરમતીઃ** અંજનાબહેન ડો/ઓ રમણલાલ સુતરીયા (ઉ.વ.૪૭)(રહે,શ્યામ બંગ્લોઝ, વિભાગ-૦૧, આઇ.ઓ.સી.રોડ, ચાંદખેડા) એ તા.૦૫/૦૫/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૩ સવારના ૧૧/૪૫ થી તા.૦૫/૦૫/૨૦૨૩ બપોરના ૨/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન સાબરમતી કાળીગામ ખાતે આવેલ કાળી પ્રાથમિક શાળાની બે માળની બિલ્ડીંગના નીચેના રૂમ તથા સ્ટોરરૂમના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ સ્ટોરરૂમમાં પ્રવેશ કરી, સ્ટોરરૂમમાંથી લોખંડની બે મોટી તિજોરીઓ કિંમત રૂપિયા ૮,૦૦૦/-, એક નાની તિજોરી કિંમત રૂપિયા ૩,૦૦૦/- તથા રૂમની ગેલેરીમાં મુકેલ મોટી તિજોરી કિંમત રૂપિયા ૪,૦૦૦/-, રમતગમતના જુના સાધનો કિંમત રૂપિયા ૫,૦૦૦/-, કોમ્પ્યુટરના સી.પી.યુ. નંગ-૦૨ કિંમત રૂપિયા ૩,૦૦૦/- અને સિલીંગ પંખા નંગ-૧૫ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી ગયાઃ-** **સમાચાર યાદી નં.૭૪૦/૨૦૨૩**

**ચાંદખેડાઃ** રસીકભાઇ લાભશંકર રાવલ (ઉ.વ.૬૩)(રહે.માધવ વિહાર બંગ્લોઝ, તપોવન સર્કલ પાસે, ચાંદખેડા) એ તા.૦૫/૦૫/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસે સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૩ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે વિસત-ગાંધીનગર હાઇવે, જૈન મંદીર પાસે આવેલ વિસામો સોસાયટી નજીક એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષના આશરાના) એ રસીકભાઇના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૪૧/૨૦૨૩**

**ગોમતીપુરઃ** ધવલ સુરેશભાઇ મકવાણા (ઉ.વ.૨૨)(રહે.ચોક્સીની ચાલી, વિવેકાનંદ એસ્ટેટની સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશકુમાર પ્રભુદાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી